મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૮૬ ટકા

ગાંધીનગર તાપમાન

ગાંધીનગર સમાચાર

# એસ.ટી. ડેપોમાંથી નવજાત બાળક મળી આવ્યું

ગાંધીનગર, તા.૧૧

વિશ્વમાં માતાનો પ્રેમ એ સૌથી શ્રેષ્ઠ ગણાય છે. માતાનું સ્થાન અને મહત્વ ભારતીય સંસ્કૃતિમાં ભગવાન સમકક્ષ ગણવામાં આવ્યું છે. માતા યશોદાએ પારકા બાળકને પણ પોતાની માની મમતા થકી પોતાનો કરી દીધો હતો. ત્યારે આજના કળીયુગમાં માતાઓ પોતાના વ્હાલસોયા બાળકને તરછોડતા સહેજ પણ અચકાતી નથી કે ખચકાતી નથી..એવી તો શું મજબુરીમાં મુકાઈ જાય છે માની મમતા કે પોતના બાળકને ગમે ત્યાં તરછોડી દેવા મજબુર બની જાય છે. જયારે માતાએ પોતાના રકતથી સિંચેલા નવજાત બાળકને વ્હાલસોયાને ત્યજી દઈને જતી રહે છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા બે ત્રણ મહિનામાં તરછોડાયેલા બાળક મળી આવ્યાના બે ત્રણ કિસ્સા ધ્યાને આવ્યા છે. ત્યારે આજે વધુ એક કિસ્સો આ પ્રકારનો સામે આવ્યો છે. જેમાં ગાંધીનગ એસટી ડેપોમાં અમદાવાદ-ગાંધીનગર બસમાં બેસવા મુસાફરો જયાં ઉભા હોય છે તે સ્થળે સવારના સુમારે બાકડા પરથી બાળકના રડવાનો અવાજ આવતા ડ્રાઈવર કંડકટર દોડી આવ્યા હતા. બાળકના માતાની તપાસ કરતા તેઓએ આસપાસનો વિસ્તાર ફરી વળ્યા હતા. પરંતુ કોઈ મળી આવ્યું નહોતું. એસટી ડેપોમાંથી પોલીસને જાણ કરવામાં આવી હતી ત્યારબાદ પોલીસ આવીને બાળકને હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગઈ હતી.જયાં બાળકની તબિયત સ્વસ્થ છે. તેમજ બાળક એકમાસનું હોય તેમ લાગી રહ્યું છે. સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એસ.એમ.ચૌધરી ચલાવી રહ્યા છે.

# પ્રજાના પ્રતિનિધિ એ જ કાયદો નહી પાળવાનો?!

એક તરફ સરકાર વીઆઈપી કલ્ચર ખતમ કરીને કાયદો તમામ માટે એક સરખો છે તેવી સૂફિયાણી વાતો કરે છે અને બીજી તરફ વગદારો અને પ્રજાના પ્રતિનિધિઓ કે તેમના સગાસંબંધીઓ કાયદાને તડકે મુકીને તેની સરેઆમ ઠેકડી ઉડાવે છે. કાયદા તો જાણે માત્ર સામાન્ય મધ્યમવર્ગીય અને ગરીબ પ્રજાજનો માટે જ હોય તેવી સ્થિતિ સર્વત્ર પ્રવર્તી રહી છે અને નિર્દોષો પર લાઠીઓથી તુટી પડતી પોલીસ પણ વગદારોને કાયદા પાલન કરાવી શકતી નથી. જો સામાન્ય નાગરિક હેલ્મેટ ભૂલથી પહેરવાનું ભૂલી ગયો હોય તો સીસીટીવી કેમેરાથી પકડીને દંડવામાં આવે છે પરંતુ રાષ્ટ્રની સુરક્ષાના હેતુસર વાહનોની ફિલ્મ કાઢી નાંખવાના આદેશો થયા હોવા છતાં કહેવાતા પ્રજાના પ્રતિનિધિઓ માટે પોતાની બેઠકની સુરક્ષાથી અગત્યનું કંઈ જ નથી અને પોલીસ પણ તેમને રોકી શકતી નથી તે આશ્ચર્યજનક છે. ગાંધીનગરમાં ફરતી આ વૈભવી કાર આ બાબતનો બોલતો પુરાવો છે.

## @ગાંધીનગર

● એચ. ટાટ ઉમેદવારોને સવારે ૧૧ કલાકે જુના સચિવાલય બ્લોક નં. ૨૦ ખાતે આવેદનપત્ર આપવામાં આવશે.

## વંદે માતરમ પરિવાર દ્વારા આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૧

વંદે માતરમ પરિવારદ્વારા મંગળવારે આનંદના ગરબાનુંઆયોજન સેક્ટર-૨૩ ખાતે કરવામાં આવ્યું છે.

ભાનુબેન શાસ્ત્રીના નિવાસ સ્થાન, પ્લોટ ૫૪૮/૨, બંગલા નં. ૨૧, તેજસ સોસાયટી ખાતે બપોરે ૩થી ૬ દરમિયાન આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ ભાવિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા પરિવાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મૂક-બધિર દિવ્યાંગોને બોલતા કરતી વોકલ સીસ્ટમ

## ચાંદખેડાની વિશ્વકર્મા ઈજનેર કોલેજના વિદ્યાર્થીઓએ હોઠના હલનચલન આધારિત વોઈસ વોકલ સીસ્ટમ રજૂ કરી

ગાંધીનગર, તા.૧૧

હવે મૂક-બધિર દિવ્યાંગોની સાંકેતિક ભાષાને દરેક સામાન્ય વ્યકિત પણ સાંભળી શકશે. જી, હા ગાંધીનગર પાસેના ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓએ રજૂ કરેલા પ્રોજેકટમાં એક એવી વોકલ સીસ્ટમ તૈયાર કરાઈ છે જે હોઠના હલનચલનના આધારે મૂક-બધિર દિવ્યાંગ વ્યકિત જે કહેવા માંગે છે તેને વોઈસ સિગ્નલ સ્વરૂપે પ્રસારિત કરે છે.

### કેવી રીતે કામ કરે છે સીસ્ટમ?

વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ વોકલ સીસ્ટમમાં વેવ કંટ્રોલ, ટીલ્ટ, મોબાઈલ ફોન અને એમઈએમએસ આધારિત ટેકનિકનો ઉપયોગ કરાયો છે. જે હાવભાવ ઓળખ મોડયુલ સાથે માઈક્રો કન્ટ્રોલર દ્વારા સીસ્ટમને કન્ટ્રોલ કરે છે. આ સીસ્ટમ મૂક દિવ્યાંગ દ્વારા આપવામાં આવેલા સિગ્નલને ઓળખી તે મુજબ આઉટપુટ આપે છે અને વપરાશકર્તાની જરૂરિયાત મુજબ તેમાં સંકેતો માટે વિવિધ ભાષામાં સ્ટોર કરી શકાય છે.

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ હેનિલ બકીવાલા, દર્શન ગોહેલ અને ઉત્સવ દેસાઈ વગેરેએ પ્રો. ચિંતન દવેના માર્ગદર્શન હેઠળ મૂક-બધિર દિવ્યાંગો માટે આશાનુંકિરણ જન્માવ્યુંછે. તેમણે રજૂ કરેલા લીપ મુવમેન્ટ આધારિત જેસ્ચર રેકગ્નાઈઝડ વોકલ સિસ્ટમ વિકસાવી છે. આ સીસ્ટમમાં કોઈ પણ ભાષામાં અગાઉથી સ્ટોર કરેલ વોઈસ રેકોર્ડિંગના મિશ્રણ થકી મૂક દિવ્યાંગની વાત રજૂ કરે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ વોઈસ સિગ્નલ મૂક વ્યકિતના હોઠના હલન ચલનના આધારે તેને ઓળખી આખી વાત રજૂ કરશે. જેને સામેની વ્યકિત સાંભળી શકશે. આ સીસ્ટમથી મૂકબધિર દિવ્યાંગોને રોજીંદા કાર્યોમાં સંવાદની પડતી તકલીફો નિવારી શકાશે.

# માડી તારા આવવાના એંધાણ થયા..!!

## શહેરમાં નવરાત્રિની તૈયારીઓનો પ્રારંભ : ખેલૈયાઓ ચણિયાચોળી-કેડિયા સહિતની વ્યવસ્થામાં વ્યસ્ત બન્યા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની નવરાત્રિ રાજયભરમાં મશહુર છે અને નવલી નવરાત્રિના પડઘમ વાગવા લાગ્યા છે. શહેરમાં નવરાત્રિ હવે ઢૂંકડી આવી હોવાથી તેની તૈયારીઓનો પ્રારંભ થઈ રહેલો જોવા મળી રહ્યો છે. શહેરની સોસાયટીઓ, વસાહતોમાં નવરાત્રિ આયોજક સમિતિની બેઠકોના દૌર પ્રારંભ થઈ ચુકયા છે. સાથે સાથે ખાનગી કે સંસ્થાકીય આયોજકોએ તેમના નિયત સ્થળોએ સજાવટનો પ્રારંભ કરી દીધો છે. બીજી તરફ ખેલૈયાઓ પણ મન મુકીને ગરબે ઘુમવા ભરપુર પ્રેકટીસ કરી રહ્યા છે ત્યારે સમગ્ર શહેર જાણે કહી રહ્યું છે કે 'માડી તારી આવવાના એંધાણ થયા...!'

નવરાત્રિ ગુજરાતની ઓળખ હોવા સાથે અબાલવૃધ્ધ સૌ કોની પસંદગીનો તહેવાર છે. આદ્ય શકિત મા જગદંબાની આરાધના સાથે ગરબે ઘુમવાનો લ્હાવો ભાગ્યે જ કોઈ ગુજરાતી જતો કરવા તૈયાર હોય છે. આ પરિસ્થિતિમાં સતત નવ નવ રાત્રિ સુધી ઉજવાતા તહેવારના આયોજન માટે આગોતરું આયોજન અત્યંત આવશ્યક છે. શહેરમાં મોટાભાગની સોસાયટીઓ તથા વસાહતોમાં નવરાત્રિના શેરી ગરબાના આયોજનો હાથ ધરવામાં આવે છે માટે સ્વૈચ્છિક સ્વયંસેવકની આયોજન સમિતિની રચના કરાય છે. આ આયોજન સમિતિની બેઠકનો દૌર દરેક સેકટરની સોસાયટીઓમાં પ્રારંભ થઈ ચુકયો છે. આ બેઠકોમાં નવરાત્રિમાં માતાજીના મંડપના ડેકોરેશનથી માંડીને લાઈટ, સાઉન્ડ, મ્યુઝિક પાર્ટીની વ્યવસ્થા કે નાસ્તા-પાણીની સુવિધા જેવી અનેક બાબતોના આયોજન અંગે ચર્ચા હાથ ધરી જવાબદારી નક્કી કરવામાં આવી રહી છે.

શહેરના ખાનગી અને સંસ્થાકીય નવરાત્રિ આયોજનોમાં મોટા પાયાનું આયોજન હોવાથી તેમની તૈયારીઓ ગ્રાઉન્ડના લેવલીંગ તથા મેદાનને કવર કરવા સુધી પહોંચી જવા પામી છે. ખેલૈયાઓ વિના અડચણે રમી શકે તથા પ્રેક્ષકો પણ તેમને આરામથી માણી શકે તે પ્રકારના આયોજન કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ સોસાયટીઓ તથા વસાહતોમાં બાળકો પણ તેમના દ્વારા તૈયાર કરાતા 'ગબ્બર' આ વર્ષે કેવી થીમ સાથે બનાવવા તેના પ્લાનીંગ કરવા લાગ્યા છે અને તે મુજબ સામગ્રી એકઠી કરવામાં વ્યસ્ત બન્યા છે જયારે ખેલૈયાઓ તો છેલ્લા ત્રણ માસથી સતત પ્રેકટીસ સાથે ગરબાના લેટેસ્ટ સ્ટેપ્સ શીખી રહ્યા છે એટલું નહી પરંતુ લેટેસ્ટ ચણિયાચોળી, કેડિયું, કમખો, ચોઈણી અને ઓકસોડાઈઝડ ઘરેણાંની પસંદગી કરી ખરીદવાની કે ભાડે મેળવવાની વ્યવસ્થા કરવા લાગ્યા છે.

## સૌરાષ્ટ્ર જૈન મિત્ર મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

શ્રી સૌરાષ્ટ્ર જૈન મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા તપસ્વીઓના બહુમાન તથા મંડળના તેજસ્વી તારલાઓનો સરસ્વતી સન્માનનો કાર્યક્રમ તા. ૧૦-૯-૨૦૧૭ને રવિવારના બપોરે ૩.૩૦ કલાકે સેકટર-૨૨ના જૈન ઉપાશ્રય ખાતે પૂજય મુની ભગવંતની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો.

જેમાં લગભગ ૫૦ જેટલા તપસ્વીઓ તથા ૨૫ જેટલા બાળકોને સન્માનવામાં આવ્યા હતા. બાળકોને ઈનામ વિતરણનો લાભ જીગરભાઈ ધીમંતભાઈ વોરાએ લીધો હતો તેમજ મંડળના સભ્યોને બઢતી તથા નિવૃત્ત સભ્યોનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા હિતેષભાઈ, મુકેશભાઈ તથા લાલનભાઈએ ખુબ જહેમત ઉઠાવી હતી. અંતમાંપ્રમુખ નીતન સંઘવીએસૌનો આભાર માની સાંજના ચૌવિહારના ભોજન સૌ બાદ છુટા પડયા હતા.

## સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૧

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગર તેમજ શાસનાધિકારી કચેરી શહેર વિસ્તારના સંયુકત આયોજિત ગાંધીનગર શહેર કક્ષાના પ્રાથમિક વિભાગના ૪પમા જવાહરલાલ નહેરુ વિજ્ઞાન-ગણિત પ્રદર્શન સરકારી પ્રા. શાળા સે-૬ ખાતે યોજાયેલ. જેમાં શ્રીસ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય, જીઈબી કોલોનીના વિદ્યાર્થીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

ડિજિટલ અને તકનીકી ઉકેલ/ગાણિતિક નમુના વિષય પર ડાભી છાયા એમ. અને ચૌહાણ સેઝાન એમ. એ અસરકારક રજુઆત કરી હતી જયારે સ્વાસ્થ્ય અને સુખાકારી વિષય પર સિંધા વિજય અને પરમાર નિકુંજે ભાગ લીધો હતો. શાળાના વિજ્ઞાન શિક્ષિકા કલ્પનાબેન ચૌહાણ અને ગણિતના શિક્ષિકા શ્વેતાબેન પ્રજાપતિએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું. શાળાના આચાર્ય જયંતિભાઈ પટેલે ભાગ લેનાર વિદ્યાર્થીઓ તેમજ પ્રોજેકટ તૈયાર કરાવનાર શિક્ષિકાઓને અભિનંદન પાઠવ્યા હતા અને સર્ટીફીકેટ આપી તેમનું બહુમાન કર્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. સોનીબેન મગનજી ઠાકોર, ઉ.વ. ૬૦
- સ્વ. સોનીબેન ભવાનજી રાઠોડ, ઉ.વ. ૫૩
- સ્વ. પૂંજીબેન પ્રતાપજી ઠાકોર, ઉ.વ. ૮૫
- સ્વ. લીલાદેવી દયાલસિંહ છનવાલ, ઉ.વ. ૭૦
- સ્વ. મોહનભાઈ વેલાભાઈ ચૌધરી, ઉ.વ. ૭૧

## આઈ લવ માય ગાંધીનગર

**દિશાન્ત સોની**
**એક્ટર**

**ગાંધીનગર ગમે**

સુંદર, હરિયાળું અને સારા લોકોનું નગર હોવાને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સ્વામિનારાયણ ગુરુકુળ, સર્વ નેતૃત્ત્વ ગ્રૂપ, શિવરંજની, જીઈ ક્લબ, ગ્રોફાઉન્ડેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ, આર્ષ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમેછે.

**નગરને બહેતર બનાવવા**

કલા સંવર્ધન માટે પધ્ધતિસરની કલા તાલીમની જરૂરિયાત વર્તાઈ રહી છે.

**નગર માટે હું કરી શકું**

કલા સંવર્ધન અને વ્યક્તિત્વ વિકાસ ઉપક્રમો માટે હું મારી સઘળી સેવાઓ શહેરને આપવા માટે તૈયાર, તત્પર છું.

## સેકટર-૧૭ની નવરાત્રિ મહોત્સવ સમિતિના પ્રમુખ પદે નરેન્દ્રસિંહ રાણાની સર્વોનુમતે વરણી

ગાંધીનગર, તા.૧૧

નવરાત્રિ યુવા મહોત્સવ સમિતિ, સેકટર – ૧૭ની તાજેતરમાં મળેલી બેઠકમાં પ્રમુખ પદે નરેન્દ્રસિંહ રાણાની સર્વોનુમતે વરણી કરવામાં આવી છે.

આ બેઠકમાં ઉપપ્રમુખ પદે રાજદીપસિંહ જી રાઠોડ, કુલદિપસિંહ કે વાઘેલા, સુનીલભાઈ દેસાઈ, અશોકભાઈ ડી. પટેલની નિમણુંક કરવામાં આવી છે. તે ઉપરાંત ખજાનચી તરીકે સંદિપભાઈ કે. રાવલ, નરેન્દ્રસિંહ રાણા, મહેન્દ્રસિંહ બિહોલા, ચેતનસિંહ જાદવ, હિરેનભાઈ સુખડીયા, વકાયા પ્રભારી અને રમેશભાઈ વાણંદની તથા મંત્રી તરીકે ભરતભાઈ ગોસ્વામી, દિપકભાઈ પરમાર, રમેશભાઈ પરમાર, સુરેન્દ્રસિંહ વાઘેલા, રસિકભાઈ પારેખ, પ્રવિણભાઈ નાઈની વરણી કરવામાં આવી છે. મહામંત્રી તરીકે શાંતિલાલ દેસાઈ, રણછોડભાઈ દેસાઈ, જયંતિભાઈ બારોટ, ટીનાભાઈ બારોટ, પ્રદિપસિંહ (જવાલા), મૌલિકભાઈ (ચેનલવાળા) તથા સંગઠન મંત્રી ગીરીશભાઈ નાયક, જયંતિભાઈ (શહેનશાહ), રાહુલ ઠાકોર, કુલચંદ નાયક, ભાવિન ગોસ્વામી, ચંદ્રેશ રાઠોડ અને સલાહકાર સમિતિ હસમુખભાઈ દરજી, સંજયભાઈ ઠક્કર, વિશાલભાઈ ઠક્કર, બળવંતભાઈ ડામોર, જીગર દેસાઈની સુર્વોનુમતે વરણી કરવામાં આવી છે. કારોબારી સમિતિમાં મયુર લાગણોજા, દેવરાજ શ્રીમાળી, ભાવેશ શ્રીમાળી, નીતિનભાઈ ડામોર, મનોજ તિવારી, વ્યવસ્થાપક સમિતિ-સોનારી પટેલ, નિમેષ ગામીત, મિતેષ શ્રીમાળી, પિયુષ સોનરી, વિપુલ પરમાર, અનિલ રજવાણીયાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ગુજરાતના બોર્ડ/નિગમ/સરકારી સાહસોના મહામંડળ દ્વારા સાતમા પગારપંચની મંજુરીની ખુશીમાં ગેટ ટુ ગેધરનું આયોજન

બોર્ડ/નિગમ/સરકારી સાહસોના મહત્તમ બોર્ડ/નિગમોના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ મંજુર કરેલ છે તે બદલ સરકારનો હાર્દિક આભાર વ્યકત કરવાના પરિપાકરૂપે માનનીય રણછોડભાઈ દેસાઈ, સંસદીય સચિવ તથા અશોકભાઈ પટેલ, ધારાસભ્ય ગાંધીનગર (ઉત્તર)ની હાજરીમાં તથા મીડીયા કર્મીઓએ આપેલ અથાક સહકારને બિરદાવવા, બોર્ડ/નિગમના પ્રતિનિધિ એવા 'પ્રવાસન નિગમ'ના યજમાન પદે તા. ૧૨-૯-૨૦૧૭ને મંગળવારના રોજ ડૉ. આંબેડકર હોલ ખાતે બપોરે ૧૨ કલાકે આયોજન કરેલ છે જેમાં આ મહામંડળના પ્રતિનિધિઓને અચુક હાજર રહેવા જણાવવામાં આવે છે.

# સ્કેટીંગમાં ગાંધીનગરની બીએસકે-૮ ટીમનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

## ૧૬ ખેલાડીઓએ મળીને કુલ રૂ. ૭૬ હજારના ઈનામો જીત્યા

ગાંધીનગર, તા.૧૧

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતેની સ્કૂલ ઓફ એચિવર ખાતે તાજેતરમાં ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલ જિલ્લા કક્ષાની સ્કેટીંગ સ્પર્ધામાં બીએસકે-૮ ટીમના ખેલાડીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ ટીમના ૧૬ ખેલાડીઓએ કુલ મળીને રૂ. ૭૬ હજારના ઈનામો જીત્યા હતા.

ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલ જિલ્લા કક્ષાની સ્કેટીંગ સ્પર્ધા તેની બે શૈલી 'કોડ' અને 'ઈનલાઈન' માટે અલગ અલગ રીતે યોજાઈ હતી. જેમાં બૉયઝ અને ગર્લ્સ માટે ૩૦૦ મી., ૫૦૦ મી., અને ૧૦૦૦ મી. માટે અન્ડર-૧૪, અન્ડર-૧૭ અને ઓપન એમ ત્રણ કેટેગરીમાં રમાઈ હતી. આ સ્પર્ધામાં ગાંધીનગરની બીએસકે-૮ ટીમના ખેલાડીઓએ તમામ કેટેગરીમાં ભાગ લઈ શહેર તથા ગ્રામ્ય બંને સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ ટીમના ખેલાડીઓએ ૧૦ કેટેગરીમાં પ્રથમ ક્રમાંક, ૧૨ કેટેગરીમાં દ્વિતિય ક્રમાંક અને ૫ કેટેગરીમાં તૃતીય ક્રમાંક મેળવી કુલ રૂ. ૭૬ હજારના ઈનામો જીતી લીધા હતા. આ ખેલાડીઓમાં પ્રથમ અને દ્વિતિય ક્રમે વિજેતા થનાર બાળકો રાજયકક્ષાએ ભાગ લેવા જશે. તમામ ખેલાડીઓને ટીમના કોચ ભાર્ગવ આયરે અભિનંદન પાઠવ્યા હતા.

# સિવિલની નવનિર્મિત કેન્ટીનમાં દારૂની બોટલ અને બિયરના ટીન...!

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અતિ આધુનિક બનાવાઈ છે. પાંચ માળની ઓપીડી અને આઠ માળની ઈન્ડોર બિલ્ડીંગ બનાવ્યા બાદ દર્દીઓ તેમજ સગાઓ માટે ખાસ કેન્ટીન બનાવાઈ છે. પરંતુ હાલ આ કેન્ટીન ટેન્ડર પ્રક્રિયાની આંટીઘુંટીમાં અટવાઈ ગઈ છે. ત્યારે બંધ પડેલી નવનિર્મિત કેન્ટીનમાં કોઈ બેસીને રાત્રીના સમયે પાર્ટી યોજે છે...? કે પછી કોઈ અસામાજીક તત્વોએ મહેફીલ માણીને બારીમાંથી વિદેશી દારુની ખાલી બોટલ અને બિયરના ટીન અંદર નાંખ્યા હોય તેવું પણ બની શકે છે. પરંતુ કેન્ટીનમાં ખાલી બોટલ અને ટીન આવ્યા કયાંથી તે તંત્ર માટે તપાસનો વિષય છે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બન્યા બાદ હોસ્પિટલમાં દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે. શહેરની જનરલ હોસ્પિટલ કોર્પોરેટ લુક ધરાવે છે. ત્યારે જિલ્લાભરમાંથી વિવિધ રોગના દર્દીઓ સારવાર માટે આવે છે. જેમાં દર્દીઓ અને મુલાકાતીઓને ચા-પાણી, નાસ્તો તેમજ જમવાનું સરળતાથી અને વ્યવસ્થિત ભાવે નજીકમાં મળી રહે તે માટે તંત્ર દ્વારા આધુનિક કેન્ટીન તૈયાર કરાઈ છે. સેકટર-૧૨ સિવિલ કંમ્પાઉન્ડમાં જ એક માળની કેન્ટીન છે. પરંતુ આ કેન્ટીનનું કોઈ રણીધણી ના હોય તેમ લાગી રહ્યું છે. અત્યારે હાલ કેમ્પસમાં ખુબ સાંકળી જગ્યામાં કેન્ટીન કાર્યરત છે. ત્યારે નવા ટેન્ડર પ્રક્રિયાની રાહ જોવાઈ રહી છે. નવા ટેન્ડર બાદ નવીન કેન્ટીન કાર્યરત થશે.પરંતુ સિવિલ તંત્રની આળશમાં ટેન્ડર પ્રક્રિયા અટવાઈ પડી છે. જેથી લાખો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલી કેન્ટીન ધુળ ખાઈ રહી છે. જયારે કેન્ટીન આસપાસ અસામાજીક પ્રવૃતિઓ પણ ધમધમી રહી હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે રાત્રીના સમયે મેડીકલ છાત્રોનો રહેણાંક વિસ્તાર પણ આવેલ હોવાથી સિવિલ કંમ્પાઉન્ડમાં પણ પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવાય તેવી માંગ ઉઠવા પામી છે. ત્યારે તંત્ર દ્વારા પણ ખાલી વિદેશી દારુની બોટલ અને ટીન કયાંથી આવ્યા તેની શું તપાસ થશે...?